જ્યારે 'સ્વ'નું અસ્તિત્વ હોતું
નથી ત્યારે પ્રેમ હોય છે, પ્રેમ
વગર દરેક બાબત ધૂળ કે
રાખમાં મળી જાય છે
- કૃષ્ણમૂર્તિ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૮ | ૨૯ માર્ચ, ૨૦૧૫, રવિવાર ; ચૈત્ર સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## શહેરના તાપમાનમાં સતત ફેરફાર

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર સહિત રાજ્યના ઘણા ભાગોમાં વરસાદી ઝાપટા પડવાની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન અને પડોશી વિસ્તારમાં અપરએર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ સર્જાઈ છે જેના પરિણામ સ્વરુપે વરસાદી ઝાપટા પડી શકે છે. બીજી બાજુ ગુજરાતના અન્ય ભાગોમાં પણ વરસાદી ઝાપટાની આગાહી કરવામાં આવી છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૦.૪ ડિગ્રી નોંધાયું હતું જ્યારે સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ તાપમાન કંડલા એરપોર્ટ પર ૪૧.૫ નોંધાયું હતું. અમરેલીમાં ૪૧.૪ અને ઈડરમાં ૪૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ગાંધીનગરમાં ૪૧ ડિગ્રી તાપમાન રહ્યું હતું. ગરમીનો પારો સતત વધી રહ્યો છે. આવી સ્થિતિમાં હજુ પણ લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડશે. આવતીકાલે મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી રહી શકે છે. વરસાદના કારણે ખેડૂતોને હવે વધુ મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. આજે રાજ્યના અમરેલીમાં પારો ૪૧.૪ ઉપર પહોંચી ગયો હતો. જ્યારે રાજકોટમાં સૌથી વધુ ૪૦.૫ ડિગ્રી સુધી પારો પહોંચ્યો હતો.

આ ઉપરાંત સુરેન્દ્રનગરમાં ૪૧, ભુજમાં ૩૯.૬ અને કંડલામાં ૪૧.૫ તાપમાન રહ્યું હતું. ગરમીના પ્રમાણમાં આજે આંશિક ફેરફારની સ્થિતિ જોવા મળી હતી.

## સ્વાઈન ફલુનો કેસ અડાલજમાંથી મળ્યો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામના એક રહીશને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં સારવાર માટે દર્દીને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુના અત્યાર સુધીમાં ૨૨૭ કેસ નોંધાયા છે. જે પૈકી હવ માત્ર ૮ દર્દીઓ સારવાર હેઠળ છે. ૧ દર્દી વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે. જિલ્લામાં અત્યાર સુધી ૧૯૦ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

અડાલજમાંથી મળી આવેલ દર્દી ૪૯ વર્ષની આયુ ધરાવે છે અને હાલ અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે જયાં તેની તબિયત સુધારા પર છે.



















